# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૩૩ /૨૦૧૭, તા.૧૬ /૧૨/૨૦૧૭

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આગામી તા.૧૮/૧૨/૨૦૧૭ ના રોજ થનાર મતગણતરી અનુસંધાને ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા: ૧૮/૧૨/૨૦૧૭ ના રોજ મતગણતરી થનાર હોય જેથી સવાર કલાક ૦૬/૦૦ થી મતગણતરીની કામગીરી પુર્ણ ના થાય ત્યા સુધી મતગણતરી કેન્દ્રો ખાતે ટ્રાફીક જામની કે બીજી અન્ય કોઇ અગવડતા કે સમસ્યા ઉભી ના થાય તે માટે નીચે જણાવેલ જગ્યા ઉપર રસ્તો બંધ કરી જરુરી ડાયવર્ઝન કરવામાં આવે છે.

**(૧) એલ.ડી.એન્જીનીયરીંગ માટે :**

**બંધ રહેનાર રૂટ :** એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ મુખ્ય ગેટથી દાદા સાહેબના પગલા ચાર રસ્તા સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પીક રુટ :-** દાદા સાહેબના પગલા ચાર રસ્તા થી એ.જી.ચોકી થઇ એસ.વી.દેસાઇ માર્ગ થઇ સેન્ટ ઝેવીયર્સ કોલેજ ટી થઇ સુરજમલ ઝવેરી માર્ગ થઇ પાસપોર્ટ ઓફીસ ટી થી પાંજરાપોળ તરફ અવર જવર કરી શકાશે.

**(૨) પોલીટિકનીક માટે**

**બંધ રહેનાર રૂટ :** પાંજરાપોળ ચાર રસ્તાથી એકસાઇઝ ચોકી ત્રણ રસ્તા સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પીક રુટ :-** એકસાઇઝચોકી ત્રણ રસ્તાથી નહેરુનગર સર્કલ થઇ સહજાનંદ કોલેઝ ચાર રસ્તા તરફ અવર જવર કરી શકાશે.

**(૩) ગુજરાત કોલેઝ માટે**

**બંધ રહેનાર રૂટ :** ઈન્દર રેસીડન્સી હોટલ ટી થી ગુજરાત કોલેઝ બ્રીજ નીચે ચાર રસ્તા સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પીક રુટ :-** ઈન્દર રેસીડન્સી ટી થી કલગી ચાર રસ્તા તરફ અવર-જવર કરી શકાશે તેમજ નગરી હોસ્પીટલ ચાર રસ્તા થી એન.સી.સી સર્કલ તરફ અવર જવર કરી શકાશે.

**સદરહુ ત્રણેય જગ્યાઓએ જણાવેલ બન્ને તરફના રોડ ઉપર વાહન પાર્કીંગ કરવા સારુ પ્રતિબંધ રહેશે. એટલે કે "નો પાર્કીંગ ઝોન" રહેશે.**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ, સરકારી વાહનો તથા ચુંટણી કામગીરીમાં રોકાયેલ વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૮/૧૨/૨૦૧૭ ના સવાર કલાક ૦૬.૦૦ થી મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી/ અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૬/૧૨/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૬/૧૨/૨૦૧૭
અમદાવાદ શહેર

City Commissioner of Police * Ahmedabad *

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર
(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર
(૯) ડાયરેકટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર